# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા. ૨૩
રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સ્કૂલના કાનુડા અને રાધાઓ દ્વારા દહીંહાંડી ફોડવામાં આવી ત્યારે સમગ્ર વૃંદાવન સ્કૂલના પરિસરમાં ઊતરી આવ્યો હોય તેવું દૃશ્ય સર્જાયું હતું.

આ ઉજવણી નિમિત્તે બાળકો દ્વારા કૃષ્ણભક્તિ અદા કરવા નાની સ્કીટ અને સુમધુર ગીતો પર સુંદર નૃત્યો રજૂ કર્યા હતાં, જેનાથી સમગ્ર વાતાવરણમાં અનેરા ઉત્સાહનો સંચાર થયો હતો. શાળાનાં આચાર્ય અનામિકા અંજારિયાની પ્રેરક ઉપસ્થિતિમાં શિક્ષકો અને કર્મચારીઓના યથાયોગ્ય યોગદાનથી સમગ્ર આયોજન યાદગાર બની રહ્યું હતું.

# સ્કૂલ ઓફ અચિવરમાં કૃષ્ણલીલા



સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે જન્માષ્ટમીના પર્વ નિમિત્તે કૃષ્ણલીલાનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને માધ્યમનાં બાળકોએ તેમાં ભાગ લઈ પોતાની અભિનયક્ષમતાનાં દર્શન કરાવ્યાં હતાં. બાળકોએ કૃષ્ણ-રાધાનો પરિવેશ ધારણ કરી રંગીન દૃશ્યોનું સર્જન કર્યું હતું.



મોટા વિદ્યાર્થીઓએ કૃષ્ણભક્તિનાં ગીતો પર વિવિધ પરફૉર્મન્સ રજૂ કર્યાં હતાં. અંતમાં હૉસ્ટેલના વિદ્યાર્થીઓએ મટકીફોડ કાર્યક્રમ દ્વારા સૌનાં હૃદયમાં સ્થાન પ્રતિપાદીત કર્યું હતું. સૅન્ટ્રલ કૉર્ટયાર્ડમાં યોજાયેલ આ કાર્યક્રમે સમગ્ર વાતાવરણને ગોકુળમય બનાવી દીધું હતું.

# સરસ્વતી વિદ્યાલયમાં જન્માષ્ટમીની ઉજવણી





સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬, ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે રાધાકૃષ્ણનાં ગીત અને મટકીફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેજીથી માંડીને ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષક ચેતનાબેન અને શ્રદ્ધાબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર શાળા પરિવાર ઉત્સાહથી જોડાયો હતો.



મૅજિક હૅટ પ્રિસ્કૂલમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો હતો. બાળકોએ રાધા-કૃષ્ણનો વેશ ધરી આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# હરેકૃષ્ણ મંદિર ખાતે ભવ્ય જન્માષ્ટમી ઉત્સવ

ગાંધીનગર, તા. ૨૩
હરેકૃષ્ણ મંદિર, ભાડજ તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની વિશાળ ભવ્યતા ઉજવણી કરી રહ્યું છે. મંદિર ખાતે ઉજવાતો શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ખૂબ જ આગવો અને બધા ભકતો ને એક અલૌકિક અનુભવ કરાવનારો હોય છે. ઉત્સવ દરમ્યાન મહાભિષેક, હિંડોળા (ઝૂલન) ઉત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વર્ણરથ ઉત્સવ વિગેરનું કરવામાં આવેલ આયોજન ઉત્સવને વધુમાંવધુ દર્શનીય બનાવશે.

હરેકૃષ્ણ મુવમેન્ટ, અમદાવાદના અધ્યક્ષ જગનમોહન કૃષ્ણ દાસા જન્માષ્ટમી ઉત્સવની ભવ્યતા સમજાવતા જણાવે છે કે જન્માષ્ટમી તે આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણની મથુરાની પવિત્રભૂમિ પર દિવ્યપ્રાગ્ટયની ઉજવણી છે. જન્માષ્ટમી ઉતસ્વ દરેક કૃષ્ણભકતો માટે બહૂ જ આનંદમય પ્રંસગ હોય છે અને તે સંપૂર્ણ વિશ્વમાં ઘણા જ ઉત્સાહભેર અને ઠાઠમાઠતી ઉજવાય છે. હરેકૃષ્ણ મંદિર,ભાડજ ખાતે અમો તા. ૨૪ ઓગસ્ટ ના રોજ જન્માષ્ટમી અને તા. ૨૫ ઓગસ્ટના રોજ નંદોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ. ઉત્સવમાં આશરે ૨ લાખ કરતા વધારે દર્શનાથીઓને ધ્યાનમાં રાખી ખૂબજ વિશાળપાયે વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તોની અનુકૂળતાને ધ્યાનમાં રાખી ને મંદિર આખો દિવસ કોઈપણ જાતના વિરામ વગર દર્શન માટે ખુલ્લું રહેશે. ભગવાનના દર્શન મહામંગલા આરતી અને ભગવાન શ્રીકૃષ્ણ જન્મ ઘડી બાદ રાત્રે ૧.૦૦ વાગે બંધ થશે. આખા દિવસ દરમ્યાન જાણીતા ભજન ગાયકો દ્રારા સુંદર ભજન ગાવવામાં આવશે. સર્વે ભક્તો આ દિવ્યમય સંગીતનો લાભ લઈ શકશે જે તેમના ઉત્સવના આનંદમાં વધારો કરશે. હિંડોળા સેવાનું આખા દિવસ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે જેને મુલાકાત લેનાર સર્વે ભક્તો ભગવાનને ઝૂલવવાનો લહાવો લઈ શકશે.

આ માટે ખૂજ બ મોટા પાયે પ્રસાદમ, પાકલ્રગ અને જનરલ સુવિધાઓની અમોએ વ્યવસ્થા કરી છે. ઉપરાંત ખાસ કાળજી માંગી લેતા લોકો અને ઘરડા લોકો માટે વ્હીલ ચેઅર, સહજ રીતે દર્શન કરવા માટેના પ્રવેશ વિગેરેની વ્યવસ્થા કરી છે.

કૃષ્ણલીલા વિષ્યવસ્તુ કથકનૃત્ય પેશગી - "મોહ લિયો વૃંદાવન"નું મૌલિક શાહ-ઈશિરા પરીખ એન્ડ અનર્ત ડાન્સ કંપની દ્વારા કથકનૃત્ય પેશગી રાત્રીના ૧૦.૩૦ વાગ્યાથી અને સચીન લિમયે એન્ડ અશિતા લિમયે દ્વારા ભજન સંગીત કાર્યક્રમ રાત્રીના ૮.૩૦ વાગ્યાથી. ઉપરાંત મંદિરમાં ઉત્સવ દરમ્યાન કૃષ્ણ ભજનનું ગાન વિવિધ કલાકારો દ્વારા સવારના ૯.૦૦થી મધ્યરાત્રીના ૧૨.૦૦ સુધી યોજવામાં આવ્યો છે. સૌ ભાવિક ભક્તોને આ ઉજવણીનો લાભ લેવા મંદિર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કેજીથી ધોરણ-૨નાં બાળકો કૃષ્ણ અને રાધાની વેશભૂષા ધરીને સ્કૂલમાં આવ્યાં હતાં. શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને જન્માષ્ટમી પર્વ અંગે સમજ આપવામાં આવી હતી. હીંડોળાનું આયોજન પણ શાળામાં કરવામાં આવ્યું હતું અને પ્રસાદ આપીને કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮




ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



રાજેશ્રીબેન હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



ગાર્ગી પસારી ઠક્કર
મો. ૯૬૨૪૦ ૩૪૩૫૩



વસંતીબેન
ગણપતભાઈ પરમાર



ઉષાકાન્ત વસાવડા
શ્વાતિ વસાવડા

# આઈપીએસ અધિકારી બનવા માટે શું કરવું?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. મારે ભવિષ્યમાં ઉચ્ચ પોલીસ અધિકારી બનવું છે. આઈ.પી.એસ અધિકારી બનવા માટે શું કરવું?**

**- મોહિતસિંહ જાડેજા, રાજકોટ**

મોહિત, સૌપ્રથમ આપને આઈ.પી,એસ એટલે કે ઈન્ડીયન પોલિસ સર્વિસ વિશે જણાવીએ તો આ ભારતભરની પ્રતિષ્ઠિત પોસ્ટમાંની એક છે. પોલિસ ડિપાર્ટમેન્ટમાં સિનિયર પોઝિશન એટ્લેકે ડી.જી.પી., આઈ.જી., ડી.આઈ.જી વિગેરેની પોસ્ટ પર આઈ.પી.એસ અધિકારી હોય છે.આ પોસ્ટ માટે યુ.પી.એસ.સી ધ્વારા લેવામાં આવતી સિવિલ



સર્વિસિઝની પરીક્ષા પાસ કરવાની હોય છે. ત્યાર બાદ આપને પ્રાપ્ત રેંક મૂજબ આપને પોસ્ટ આપવામાં આવે છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામા આવે છે. સૌપ્રથમ આપને લેખિત પાસ કરવાની હોય છે જેમાં મુખ્યત્વે જનરલ નોલેજ અને અપ્ટિટ્યુડ ના પ્રશ્નો પૂછ્વામાં આવે છે. પ્રથમ તબક્કાને 'પ્રિલિમ્સ' તરીકે ઓળખવામાં આવે છે. બીજા તબક્કાને 'મેઈન્સ' કહેવામાં આવે છે. તેમાં ઉતીર્ણ થયા બાદ આપે ઈન્ટરવ્યૂ આપવાનો હોય છે. એ ત્રીજો તબબકો કહેવાય છે. ત્યારબાદ આપે ફિઝિકલ એટ્લેકે શારીરીક ક્ષમતાની કસોટી પાસ કરવાની હોય છે. તેમાં આપની ઊંચાઇ, વજન વગેરે નું મૂલ્યાંકન થાય છે. આપને ઘણા લોકો એવું કહેશે કે આ પરીક્ષા ખૂબ અઘરી હોય છે, પણ જો આપ ચોક્કસ પ્લાનીંગ પ્રમાણે જો યોગ્ય મેહનત કરશો તો આપ અચૂક સફળતા પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું અત્યારે હાલમાં ગ્રેજ્યુએશન કરી રહ્યો છું. અને જો વિદેશમાં ભણવું હોય તો કઈ પરીક્ષા આપવી પડશે? માર્ગદર્શન આપવા વિનંતી.**

**- રોહિત વ્યાસ, ગાંધીનગર**

તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા



તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઇ.ઈ.એલ.ટી.એસ., ટી.ઑ.ઈ.એફ.એલ., એસ.એ.ટી.,જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

**૩. હું હાલ સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરી રહ્યો છું. વાંચતી વખતે ખૂબ સ્ટ્રેસ અનુભવાય છે.શું કરવું?**

**- સ્મિત ચૌધરી, ગાંધીનગર**

સ્મિત, ભણતર તમારા માટે જરૂરી છે. પણ સ્ટ્રેસ માત્ર ભણતરના લીધે નહીં પણ કોઈ પણ કારણસર ના થવું જોઈએ. કદાચ તમારે પોતાના સમયને સાચી દિશામાં વાપરવાની જરૂર છે. સમયનો સદુપયોગ એ તમારી સમસ્યાનું નિરાકરણ હોઈ શકે છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર 'ટુ-ડુ લિસ્ટ' બનાવો.



સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો.જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. હવે જ્યારે તમારી બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગયી છે તો ખાસ ધ્યાન રાખજો કે તમને કોઈ પણ પ્રકારનું સ્ટ્રેસ થાય નહીં. જે તમારે વાંચવાનું હતું તે તમે વાંચી ચૂક્યા છો. હવે તમે જે તમને ફાવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. નવી-નવી વસ્તુઓ કે નવા-નવા ચેપ્ટર હવે શીખવાની લગભગ જરૂર નથી. જૂના પેપર્સ જોઈને તેની પ્રેક્ટિસ કરો.

જેટલું બને તેટલું શિખેલી વસ્તુઓનું રિવિઝન કરો. આમ કરવા થી તમારું પરિણામ ચોક્કસપણે સુધરશે. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે તે દિવસનું નક્કી કરેલું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માનીને વાંચતા રહેવું. આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. આપ ચિંતા કર્યા વગર શાંત દિમાગથી તૈયારી કરો. સફળતા જરૂર મળશે. યાદ રાખજો કે ક્રિકેટમાં જેમ છેલ્લા બૉલને કારણે મેચનું પરિણામ બદલાઈ જતું હોય છે તેમ તમે પણ અત્યારે ધીરજ, આત્મવિશ્વાસ અને મેહનત પોતાનું પરિણામ સુધારી શકો છો અને સુધારશોજ. ઓલ ધ બેસ્ટ! આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ: questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner


# ધમકી અને કેળવણી

॥ બીજો મણકો ॥

ત્રીજા વર્ગના મુસાફરોની આવી બાબતોમાં તપાસ આવશ્યક છે. મોટા ગણતા માણસો પણ ત્રીજા વર્ગમાં ફરે તો તેમણે ગરીબોને લાગુ પડતા નિયમોને સ્વેચ્છાએ વશ વર્તવું જોઈએ, ને અમલદારોએ પક્ષપાત ન કરવો જોઈએ. પણ મારો અનુભવ એવો છે કે, અમ્લદારો ત્રીજા વર્ગના મુસાફરોને મનુષ્ય ગણવાને બદલે જાનવર જેવા ગણે છે. તુંકારા સિવાય તો તેમને બોલાવાય જ નહીં. ત્રીજા વર્ગના મુસાફરથી સામે જવાબ ન અપાય, દલીલ ન થાય. કેમકે જાણે તે અમલદારનો નોકર હોય નહીં એમ તેણે વર્તવું રહ્યું. તેને અમલદાર માર મારે, તેને લૂંટે, તેને ટ્રેન ચૂકાવે, તેને ટિકિટ દેતા રિબાવે. આ બધું મેં જાતે અનુભવ્યું છે. અને આ વસ્તુસ્થિતિમાં સુધારો તો જ થાય જો કેટલાક ભણેલા અને ધનિક ગરીબ જેવા બને અને ત્રીજા વર્ગમાં ફરી ગરીબ મુસાફરને ન મળતી હોય એવી એક પણ સગવડ ન ભોગવે અને અગવડો, અવિવેક, અન્યાય બીભત્સતા મૂંગે મોઢે સહન ન કરતાં તેમની સામે થાય ને દાદ મેળવે. કાઠિયાવાડમાં હું જ્યાં જ્યાં ફર્યો ત્યાં ત્યાં વીરમગામની જકાતની તપાસને અંગે થતી હાડમારીની ફરિયાદો સાંભળી.

150 ગાંધીયાત્રા

તેથી લૉર્ડ વિલિંગ્ડને આપેલા નિમંત્રણનો મેં તુરત ઉપયોગ કર્યો. અ બાબતનાં મળ્યાં એટલાં કાગળીયા વાંચ્યા. ફરિયાદમાં ઘણું તત્ય હતું એમ મેં જોયું. તે બાબત મેં મુંબઈની સરકાર સાથે પત્ર વ્યવહાર ચલાવ્યો. સેક્રેટરીને મળ્યો. લૉર્ડ વિલિંગ્ડનને પણ મળેલો. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર